# સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં ચૂંટણીનો ધમધમાટ શરૂ

## ભાજપ કોંગ્રેસમાં ટીકીટ મેળવવા ઉમેદવારોની લોબીંગ : લોકસભા બેઠક માટે કોંગ્રેસના ઉમેદવાર તરીકે શંકરસિંહ વાઘેલા અને ભાજપમાં મહેન્દ્રસિંહ ચૌહાણનું નામ લગભગ તય : લોકસભાની સાથે હિંમતનગર વિધાનસભાની ચૂંટણી યોજાશે

હિંમતનગર, તા. ૬

લોકસભાની ચૂંટણીઓ જાહેર થતાની સાથે જ સાબરકાંઠા-અરવલ્લી જિલ્લામાં રાજકીય ચહલ-પહલ શરૂ થઈ ગઈ છે. ભાજપ અને કોંગ્રેસમાંથી ટીકીટ મેળવવા માટે ઉમેદવારો લોબીંગ કરી રહ્યા છે. પરંતુ સાબરકાંઠા લોકસભા માટે કોંગ્રેસના ઉમેદવાર તરીકે વિરોધ પક્ષના નેતા અને પૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાનું નામ લગભગ તય છે. જ્યારે ભાજપમાંથી હાલના સાંસદ મહેન્દ્રસિંહ ચૌહાણની ઉમેદવારી ઉપર મ્હોર વાગશે તેવું જણાઈ રહ્યું છે. લોકસભાની સાથે હિંમતનગર વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે ત્યારે જિલ્લામાં રાજકીય ગરમાવો જોવા મળી રહ્યો છે.

લોકસભાની ચૂંટણીઓ જાહેર થતા ટીકીટવાચ્છુઓ ટીકીટ મેળવવા માટે લોબીંગ શરૂ કરી દીધુ છે. સાબરકાંઠા લોકસભા બેઠક માટે કોંગ્રેસમાંથી શંકરસિંહ વાઘેલા અને ખેડબ્રહ્માના ધારાસભ્ય અશ્વિન કોટવાલ દ્વારા દાવેદારી થઈ રહી છે. તે સિવાય પણ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સહિત અન્ય બે ઉમેદવારો લોકસભા લડવા ઉત્સુક છે. પરંતુ લગભગ શંકરસિંહ વાઘેલાનું નામ તય છે. ભાજપમાંથી પણ અનેક ઉમેદવારોએ દાવેદારી કરી છે. પરંતુ ચાલુ સાંસદ મહેન્દ્રસિંહ ચૌહાણને ફરી મેદાનમાં ઉતારાશે તેવું જણાઈ રહ્યું છે.

સાબરકાંઠા લોકસભાની સાથે હિંમતનગર વિધાનસભાની ચૂંટણી યોજાનાર છે. કોંગ્રેસના ધારાસભ્ય પદેથી રાજીનામુ આપી ભાજપમાં જોડાયેલા રાજેન્દ્રસિંહ ચાવડા ભાજપના ધારાસભાના ઉમેદવાર બનશે તો નવાઈ નહિ લાગે. હિંમતનગર વિધાનસભાની ટીકીટ માટે કોંગ્રેસમાંથી બળવંતસિંહ દેવડા, વિપુલ પટેલ, ગોપાલસિંહ રાઠોડ અને ચંદ્રસિંહ ઝાલા સહિત ફારૂખભાઈ ખણુસીયા દાવેદાર છે. ત્યારે જોવું રહ્યું કોંગ્રેસ કોને મેદાનમાં ઉતારે છે.



તલોદ ખાતે આવેલી ટ્રિનીટી સ્કુલનો વાર્ષિકોત્સવ ભારે દબદબાપૂર્વક સંપન્ન થયો. હજારો પ્રેક્ષકોની ઉપસ્થિતિમાં સંપન્ન થયેલા આ સમારોહમાં ૧૧૦૦થી વધુ બાળસ્પર્ધકોએ ભાગ લઈ અનેકવિધ મનોરંજન કાર્યક્રમોની કુલ ૫૦ આઈટમની શાનદાર રજૂઆત કરી હતી. નાના ભૂલકાંથી માંડી કુમારિકાઓના નૃત્ય-ડાન્સ, માઈમ વગેરે અનેકાનેક મનોરંજક કાર્યક્રમો આપીને બાળ કલાકારોએ તેમના વાલીઓના જ નહિ ઉપસ્થિત તમામ પ્રેક્ષકગણના દિલ જીતી લીધા હતા. સમગ્ર ટ્રિનીટી પરિવારે બાળ કલાકારોને કલા સંસ્કારનો વારસો પુરો પાડયો હતો. બાળકોના દિમાગમાં રહેલી સુષુપ્ત શકિતને બહાર લાવવા આવા કાર્યક્રમો દ્વારા પ્લેટફોર્મ પુરુ પાડવાનું આયોજન પ્રેરણાદાયી અને પ્રશંસનીય હોવાનું લેખાય છે. સાંસ્કૃતિક કાર્યક્રમની ઝલક અત્રે પ્રસ્તુત છે. (દશરથ વણઝારા)

# ઊંઝામાં વિવિધ સ્થળોએ આઈ.ટી.ના દરોડા : વેપારીઓમાં ફફડાટ

ઊંઝા, તા. ૬

વેપારી મથક ઊંઝા શહેરમાં કન્સ્ટ્રકશન અને મારબલના વ્યવસાય સાથે સંકળાયેલા લોકોની ઓફિસો અને રહેણાંક સ્થળોએ આવકવેરા ખાતાના અધિકારીઓએ હથિયારધારી પોલીસ સાથે આજે સર્ચ ઓપરેશન હાથ ધરતા શહેરમાં આ વ્યવસાય સાથે સંકળાયેલા વ્યવસાયીઓમાં ભારે ફફડાટની લાગણી પ્રસરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર ઊંઝા ખાતે ઐઠોર ચોકડી પર આવેલ એક કન્સ્ટ્રકશન અને મારબલના વ્યવસાય સાથે સંકળાયેલા વ્યક્તિની ઓફિસ અને રહેણાંકના સ્થળોએ આજે સવારે આવકવેરા ખાતાના અધિકારીઓની ટીમે હથિયારધારી પોલીસ સાથે આવી પહોંચી હતી અને ઝીણવટભરી તપાસ આરંભી હતી. સવારથી શરૂ થયેલ આ તપાસની કામગીરી મોડે સુધી ચાલી હતી. આવકવેરા ખાતાના અધિકારીઓના સર્ચ ઓપરેશનથી બાંધકામ તેમજ મારબલ અને અન્ય વ્યવસાય સાથે સંકળાયેલા ધંધાર્થીઓમાં ફફડાટ ફેલાયો હતો. આઈ.ટી.ના સર્ચ ઓપરેશનની જાણ થતા આ વ્યવસાય સાથે સંકળાયેલા કેટલાક વ્યવસાયીઓ પોતાની ઓફિસો બંધ કરીને ક્યાંક ફરાર થઈ ગયા હતા. આઈ.ટી.ના આ દરોડા પાછળનું મુખ્ય કારણ આવકવેરાની કર ચોરી તેમજ બેનામી આવક શોધી કાઢવાનુ મનાય છે.

# ડીસા સાઈબાબા મંદિર પાસે ખુલ્લેઆમ વિદેશી દારૂનુ વેચાણ

ડીસા, તા. ૬

ડીસા શહેરમાં સાઈબાબા મંદિરની પાસે કોલેજ રોડ પર આવેલ દરવાજા પાસે કેટલાક ઈસમો દ્વારા ખુલ્લેઆમ વિદેશી દારૂનું વેચાણ થઈ રહ્યું છે.

આ મંદિર પર સતત ધર્મપ્રેમી જનતાની અવરજવર રહે છે. ત્યારે સાઈબાબા મંદિરના દરવાજા પાસેજ આ ઈસમ વિદેશી દારૂનું ખુલ્લેઆમ વેચાણ કરી રહ્યો છે. છતાં પોલીસતંત્ર દ્વારા કોઈ પગલા ભરવામાં આવતા નથી. શહેરના હાઈવે વિસ્તારો તેમજ કેટલીક સોસાયટીઓમાં વિદેશી દારૂ વેચાય છે.

બુટલેગરો બાઈકો પર ડીલેવરી કરી રહ્યા છે. જેના કારણે બહેન દિકરીઓને એકલા જવામાં તકલીફ પડી રહી છે. કોલેજરોડ પર સવાર સાંજ કોલેજના યુવક યુવતિઓ અવરજવર કરે છે ત્યારે દારૂનું વેચાણ કરતા ઈસમો સામે પોલીસ દ્વારા કાર્યવાહી કરવામાં આવે તેવી ધર્મપ્રેમી લોકોની માંગણી છે.



ગુજરાતના મુખ્યમંત્રી અને ભાજપના વડાપ્રધાન પદના ઉમેદવાર એવા નરેન્દ્રભાઈ મોદી દેશના વડાપ્રધાન બને તે સંકલ્પ સાથે ૧૪૭૫ કિ.મી. લાંબી સાયકલયાત્રા પર નિકળેલ ૩૫ વર્ષીય યુવાન નવીન નાંદલ આજે સાયકલ લઈ પ્રાંતિજ ખાતે પહોંચ્યો હતો, જ્યાં યુવા ભાજપના કાર્યકરો નિકુલ રામી, હર્ષ દેસાઈ, હર્ષદ રાવલ સહિત કાર્યકરોએ તેનું ભવ્ય સ્વાગત કરી આવકાર્યા હતા. (તસવીર : સંજય રાવલ, પ્રાંતિજ)

# પ્રાંતિજના શોપીંગ સેન્ટરોમાં ગંદકીનું સામ્રાજય : તંત્ર ઘોર નિંદ્રામાં

પ્રાંતિજ, તા.૬

પ્રાંતિજ એપ્રોચ રોડ પાસેના શોપીંગ સેન્ટરો સફાઈના અભાવે વેપાર ધંધાથી નહિ પણ ગંદકીથી ખદબદી રહ્યા છે. નગરપાલિકાની આળસના કારણે પ્રાંતિજ સ્વચ્છ ગુજરાત સ્વસ્થ ગુજરાતનો છેદ જ ઉડી ગયો છે.

સાબરકાંઠા જિલ્લાનું પ્રાંતિજ આજુબાજુના ગામડાઓ માટે ટાઉન બની ગયું છે. આજબાજુનાગામડાની પ્રજા અહીંયા રોજીંદા કામ માટે આવતી હોય છે ત્યારે એપ્રોચ રોડ પાસેના સહયોગ કોમ્પ્લેક્ષ, શિવમ કોમ્પ્લેક્ષ સહિતના શોપીંગ સેન્ટરોમાં ૫૦૦થી વધારે દુકાનોમાં વેપાર ધંધા ચાલી રહ્યા છે.

શોપીંગ સેન્ટરોમાં ખરીદી કરવા માટે હજારો લોકો આવતા હોય છે ત્યારે આ શોપીંગોની આજુબાજુ તંત્રની લાપરવાહી અને આળસના કારણે આ જગ્યાઓ ગંદકીથી ખદબદી ઉઠે છે જેના કારણેગ્રાહકોએ અહીંયા પગ ક્યાં મૂકવો તે એક સમસ્યા થઈ ઉઠી છે. ગંદકીના કારણે વેપારીઓને પણ નુકશાન વેઠવાનો વારો આવ્યો છે.

વેપારીઓ દ્વારા તંત્ર સમક્ષ માંગણી કરાઈ છે કે આ શોપીંગોમાં પાલિકા દ્વારા સ્વચ્છતા માટે જરુરી ઝડપથી પગલા ભરવામાં આવે. જો ગંદકી દુર કરવામાં નહિ આવે તો આ વિસ્તારમાં રહેતા વેપારીઓ અને નાગરિકો બિમારીના ભરડામાં સપડાઈ જશે. વેપારીઓએ એમ પણ જણાવ્યું હતું કે પાલિકા દ્વારા સફાઈ વેરો ઉઘરાવવા છતાં પણ સફાઈ કરવામાં આવતી નથી. તેથી વેપારીઓ રોષે ભરાયા છે. અને જો આ સમસ્યાનું ઝડપથી નિરાકરણ લાવવામાં નહિ આવે તો ગાંધી ચિંધ્યા માર્ગે તંત્ર સામે આંદોલન કરવામાં આવશે.

# પાટણમાં ચૂંટણીને લઈ રાજકીય પક્ષોની બેઠકનો દોર શરૂ

પાટણ, તા. ૬

લોકશાહીના મહાપર્વ એટલે કે લોકસભાની ચૂંટણી ૨૦૧૪નું રણશીંગુ ફુંકાઈ ગયું છે ત્યારે ભારતના ચૂંટણીપંચ દ્વારા ગતરોજ લોકસભાની ચૂંટણીને અનુલક્ષીને આચારસંહિતા અમલી કરવામાં આવી છે તો બીજી તરફ રાજકીય અને બીનરાજકીય પક્ષો દ્વારા ચૂંટણીમાં કયા ઉમેદવારને ઉભો રાખવો તે માટે પોતાના સભ્યોના અભિપ્રાયો મેળવવા બેઠકોનો દોર શરૂ થઈ ગયો છે ત્યારે ભારતીય જનતા પાર્ટી દ્વારા પાટણ બેઠક પરથી કયા ઉમેદવારને ઉભો રાખવો માટે તે આજે ગોલાપુર સ્થિત કે.સી. પટેલ વિદ્યાસંકુલ ખાતે વાહન વ્યવહાર મંત્રી નીતિન પટેલ અને લીલાધર વાઘેલાની ઉપસ્થિતિમાં પાટણ જિલ્લા ભાજપના પદાધિકારીઓની એક ખાસ બેઠક મળી હતી. જેમાં પાટણ સાંસદ મત વિસ્તારમાં કયા ઉમેદવારને ઉભો રાખવો માટેના અભિપ્રાયો લેવામાં આવ્યા હતા. તો આ પ્રસંગે નીતિનભાઈ પટેલે પાટણ જિલ્લાના રાધનપુર ખાતે કેજરીવાલના થયેલા હાઈવોલ્ટેજ ડ્રામાને વખોડી કાઢી કેજરીવાલને ઠોઠ નીશાળીયો ગણાવ્યો હતો અને આથી જ કેજરીવાલ સદંતર નિષ્ફળ નીવડ્યો છે તેમ જણાવ્યું હતું. વધુમાં તેમણે જણાવ્યું હતું કે જેમ પરીક્ષામાં ૩૫ ટકા ગુણ મેળવીને વિદ્યાર્થી ૮૫ ટકા ગુણ મેળવનાર વિદ્યાર્થીને સલાહ આપે તેવી રીતે જ કેજરીવાલ પોતાનું વલણ અપનાવી રહ્યા છે.

બેઠકમાં આગામી લોકસભાની ચૂંટણીના ઉમેદવાર માટે સંભવિતોના નામમાં લીલાધર વાઘેલા, પુંજાજી ઠાકોર, જુગલ લોખંડવાલા, દિલીપ ઠાકોર અને કેશાજી ઠાકોરના નામની ચર્ચા કરાઈ હતી. આ બેઠકમાં પાટણ જિલ્લા ભાજપ પ્રમુખ ભરત આર્ય, ખેરાલુ ધારાસભ્ય ભરત ડાભી, જુગલ લોખંડવાલા, પુંજાજી ઠાકોર, કેશાજી ઠાકોર, મફાજી ઠાકોર, ભાવેશ પટેલ, ભરત ભાટીયા અને પૂર્વ જિલ્લા પ્રમુખ દશરથજી ઠાકોર ઉપસ્થિત રહ્યા હતા.

## મરચાની ભૂકી નાંખી લૂંટ કરનારા બેની અટકાયત

અમદાવાદમાં સેટેલાઈટ વિસ્તારમાં કુરીયર આપવાના બહાને જઈ આંખમાં મરચાની ભૂકી નાખી લૂંટ ચલાવતા બે આરોપીની અંતે સેટેલાઈટ પોલીસે ધરપકડ કરી છે જ્યારે આ મામલાનો અન્ય એક આરોપી ફરાર છે જેને પકડી પાડવા ચક્રો ગતિમાન કરાયા છે. સેટેલાઈટ વિસ્તારમાં રહેતા ૬૩ વર્ષીય નયનાબેન ધીમંતભાઈ વસાવડાના ઘરે ગત તા. ૨૧ ફેબ્રુઆરીના રોજ થયેલ ચીલઝડપના ગુનાની તપાસમાં પોલીસને મહત્વપૂર્ણ ગણાતી કડી તરીકે સીસીટીવી ફુટેજ મળ્યા હતા જેમાં આ ગુનામાં નંબર વગરનું સફેદ એક્સેસ વાપરવામાં આવ્યું હોવાનું જાણવા મળ્યું હતું.



(તસવીર : ભરત પરમાર, ધાનેરા)

બનાસકાઠાં જિલ્લાના વાવ તાલુકાના સુઈ ગામથી આરંભાયેલ બનાસકાંઠા જિલ્લા ભાજપ આયોજિત બનાસ ગૌરવ યાત્રાનું ધાનેરા થાવર ખાતે ભવ્ય સ્વાગત કરાયું હતું. જિલ્લા શહેરીને ગ્રામ્ય વિસ્તારોમાં યાત્રાને આવકારી નરેન્દ્ર ભાઈ મોદીને વડાપ્રધાનપદે બેસાડવા કમરકસી કામે લાગી જવા લોકજુવાળ જોવા મળે છે. થાવરની દુધ મંડળી પર યોજાયેલી સભામાં જિલ્લા પ્રમુખ તથા ધારાસભ્ય કેશાજી ચૌહાણ, સંસદ સભ્ય હરિભાઈ ચૌધરી, રાણાભી દેસાઈ, વસંતભાઈ પુરોહિત, મંગલસિંહે પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. મોટી સંખ્યામાં હાજર રહી બનાસ યાત્રાનું સ્વાગત કરાયું હતું. ભારત માતાકી જય વંદેમાતરમના નારાથી ગજવી દીધેલ હતું.

# બનાસડેરી દ્વારા ડૉ. અમૃતાબેન પટેલનો અભિવાદન સમારોહ યોજાયો

## દૂધ ઉત્પાદનક્ષેત્રે ભારતમાં ગુજરાત અને એમાંય બનાસડેરીનું યોગદાન વધારે છે : ડૉ. અમૃતા પટેલ

પાલનપુર, તા. ૬

શ્વેતક્રાંતી થકી દુનિયાભરમાં ભારત દેશનું નામ રોશન કરી ગામડાઓમાં સમૃદ્ધિ લાવનાર દેશની ટોચની સંસ્થા રાષ્ટ્રીય ડેરી વિકાસ બોર્ડ (એન.ડી.ડી.બી.)ના સર્વોચ્ચ પદ ચેરમેન તરીકે ૧૫ વર્ષ સુધી પોતાનું આગવું યોગદાન પ્રદાન કરનાર ડૉ. અમૃતા પટેલ પોતાના પદકાર્યથી ગરીમાપૂર્ણ સ્વેચ્છાએ નિવૃત્ત થયેલ, તેમના ૪૪ વર્ષના આગવા પ્રદાનને બિરદાવવા ભારતની સૌથી મોટી દૂધ ઉત્પાદક સહકારી સંસ્થા બનાસડેરી દ્વારા આજ રોજ તેમનો ઋણ સ્વીકાર, અભિવાદન સમારોહ શ્રી દિપક ટીક્કુ, ચેરમેન નેશનલ ડેરી સર્વિસીસની વિશેષ ઉપસ્થિતિમાં યોજાયો હતો, સંઘના મેનેજીંગ ડીરેકટર સંજય કરમચંદાનીએ મહેમાનોનું શાબ્દીક સ્વાગત કર્યું હતું.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

બનાસડેરીએ છેલ્લા ૧૫ વર્ષના ગાળામાં મોખરાનું સ્થાન હાંસલ કરી જેનો યશ બનાસવાસીઓએ ડૉ. અમૃતા પટેલને આપ્યો હતો. ડૉ. અમૃતાબેન પટેલને પાંચ દૂધ ઉત્પાદક બહેનો અને ભાઈઓએ બુકેથી સ્વાગત કરી આવકાર્યા હતા. વધુમાં જગદંબા મા અંબાની ચાંદીની મર્તી અર્પણ કરી શાલ ઓઢાડી સન્માન કર્યું અને તેમના આગવા યોગદાનને બિરદાવવા સ્વરૂપે પ્રશસ્તિ પત્ર પણ એનાયત કર્યુ હતું. શ્રી દિપક ટીક્કુ સાહેબને પણ કૃષ્ણ ભગવાનની ચાંદીની મુર્તી અર્પણ કરી તેમજ શાલ ઓઢાડી સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે પરથીભાઈ ભટોળે તેમના ઉદ્‌બોધનમાં બનાસડેરીના વિકાસ પાછળ હુંફ પુરી પાડનાર ડૉ. અમૃતા પટેલનો બનાસવાસીઓ જેટલો આભાર માને તેટલો ઓછો છો તેમ જણાવી તેમના ટેકનીકલ તેમજ આર્થિક મદદના તમામ યાદગાર પ્રસંગો વર્ણવ્યા હતા, અને છેલ્લે જણાવ્યું હતું કે ભલે આપ પદભારથી નિવૃતી લઈ રહ્યા છો પણ બનાસવાસીઓના દિલોદિમાગ પર આપની યાદ હંમેશા છવાયેલી રહેશે.

# તલોદ ભારતીય કિસાન સંઘ દ્વારા ભ્રષ્ટાચાર સામે તંત્રને આવેદનપત્ર અપાયું

તલોદ, તા. ૬

ભારતીય કિસાન સંઘ સાબરકાંઠા-અરવલ્લી એકમ દ્વારા આજ તા. ૪ માર્ચથી ભ્રષ્ટાચાર મુક્તિ અભિયાનનો આરંભ કરવામાં આવ્યો છે. જે અંતર્ગત ખેડૂત મિત્રોને કોઈપણ કચેરીમાં લાંચ-રૂશ્વત નહિ આપવા અને વ્યાપક બનેલા ભ્રષ્ટાચારના ભોરીંગને ભગાડવા આદેશ કરવામાં આવેલ છે. તેમજ આજે કેટલાક અધિકારીઓ-પદાધિકારીઓને ભારતીય કિસાન સંઘ-તલોદ તાલુકા તરફથી એક આવેદનપત્ર પણ આપવામાં આવેલ છે. આ જવાબદાર લોકો પોતાના કર્મચારીઓ દ્વારા થતા અગમ્ય વ્યવહારને અટકાવે તથા સમય મર્યાદામાં કિસાન પરિવારોના કામો સુલઝાવે અને ભ્રષ્ટાચાર આચરીને મજબૂરીનો લેવામાં આવતો લાભ સદંતર બંધ કરી દેવાની ફરજ પાડે તેવી આખરી અપીલ આવેદનપત્રમાં કરવામાં આવેલ છે.

કિસાનોને રોજબરોજ સરકારી કચેરીઓમાં નાના-મોટા કામો માટે જવાનું થતું હોય છે. ત્યારે કચેરીના કર્મચારીઓ દ્વારા તેઓ સાથે અણછાજતુ વર્તન દાખવવામાં આવતું હોવાની કેટલાક સમયથી ભારે બુમરાણ ઉઠવા પામી છે. અભણ, અબુધ અને અશિક્ષિત ખેડૂતોની મજબૂરીનો લાભ લઈ કર્મચારીઓ ભ્રષ્ટાચારને જ માત્ર જાણે કે પ્રાધાન્ય આપતા હોય તેવી ભારે બુમરાણ ઉઠવા પામી છે. પરિણામે ભારતીય કિસાન સંઘને આવી બેહૂદી પ્રવૃત્તિઓ સામે અભિયાન ચલાવીને જાગૃત ઝુંબેશનું રણશિંગુ ફુંકવાની ફરજ પડી હોવાનું જાણવા મળેલ છે.

આજે ભ્રષ્ટાચાર મુક્તિ અભિયાનના પ્રથમ ચરણરૂપે જે જે કચેરીઓને આવેદનપત્ર આપવામાં આવેલ છે તેમાં ઉ.ગુ. વિજ કંપની ડિવિઝન-૧ અને ૨, મામલતદાર કચેરી, તાલુકા વિકાસ અધિકારીની કચેરી (તાલુકા પંચાયત કચેરી), ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ કચેરી અને તલોદ પોલીસ સ્ટેશનનો સમાવેસ થાય છે.

બીજી તરફ ખેડૂત સદસ્ય પરિવારોને ભ્રષ્ટાચાર મુક્તિ અભિયાન અંતર્ગત એક જાહેર પત્રીકા દ્વારા જાગૃતિ કેળવવાની સલાહ આપવામાં આવી છે અને કોઈપણ સહકાર કે સરકારના અધિકારી/કર્મચારી લાંચ માગે તો તેને તાબે નહિ થઈ, લાંચ રૂશ્વત વિરોધી કચેરી તથા સુપ્રિન્ટેન્ડેન્ટ સી.બી.આઈ. ગાંધીનગરનો તથા સંગઠનના તાલુકા પ્રમુખ/મંત્રીનો સંપર્ક કરવા હાંકલ કરવામાં આવી છે. જે તમામના ટેલિફોન નંબર પણ જાહેર પત્રીકામાં પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

સંગઠન દ્વારા ચલાવવામાં આવેલા આ અભિયાન સંદર્ભે ખેડૂતોમાં જાગૃતિ કેળવાય તે માટે પ્રત્યેક માસના બીજા મંગળવારે બપોરે ૧૨ વાગે તલોદ માર્કેટયાર્ડ ખાતે ખેડૂતોની માસિક બેઠકનું પણ આયોજન કરવામાં આવેલ છે.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામશ્ર મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન